# ચોમાસાના અંતે હવે વિવિધ માર્ગોની સુધારણાનુ કામ દશેરાથી શરૂ કરાશે

## જિલ્લાના વિવિધ માર્ગોની સુધારણા પાછળ અંદાજિત ૪૮ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં વરસાદી દિવસોના લીધે માર્ગ સુધારણાની કામગીરી બંધ છે. શહેરમાં પણ ટુંકમાં જ માર્ગોના રીસરફેસીંગનુ કામ શરૂ કરી દેવાશે જયારે જિલ્લામાં પણ લાંબા સમયથી માર્ગોની દશા બેઠી છે. વરસાદી દિવસોના અંતે માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. કેટલાક રસ્તાઓના રીસરફેસીંગનુ કામ છેલ્લા સાત વર્ષથી હાથ ધરવામાં આવ્યુ નથી જેને અનુલક્ષી હવે આગામી દશેરાથી જિલ્લામાં વિવિધ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે જેના પાછળ અંદાજિત રૂ ૪૮ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ મહીનાથી માર્ગ સુધારણાની કામગીરી બંધ છે. વરસાદી દિવસો દરમિયાન ડામર કામ કરવામાં આવતુ નથી વરસાદમાં માર્ગ સુધારણાનુ કામ નિયમ મુજબ હાથ ધરવામાં આવતુ નથી ત્યારે હવે વરસાદી દિવસોના અંતે શહેર અને જિલ્લામાં માર્ગ રીસરફેસીંગના કામો હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. જિલ્લામાં વિવિધ માર્ગોને અનુલક્ષી અંદાજિત ૪૮ કરોડના કામો હાથ ધરાશે. જેમાં વાવોલ પુન્દ્રાસણ ટીંટોડા, ઉવારસદ મોટી આદરજ સરઢવ અને નારદીપુર, નભોઈ થી કોબા માર્ગને જોડતો રસ્તો રાંધેજા બાલવા બદપુરા વરસોડા, હરણાહોડા, ટીંટોડા બિલોદ્રા માર્ગ, કલોલ બોરીસણા સાણંદ, કલોલ પાનસર ડીંગુચા, મોટી ભોંયણ વડસર વડાવી હાજીપુર, વડસર ભીમાસણ સોડફા રકનપુર સાંતેજ સહીતના વિવિધ માર્ગોના રીસરફેસીંગની કામગીરી હાથ ધરાશે. માર્ગ સુધારણાની આ કામગીરી લાંબા સમયના અંતે હાથ ધરાશે. જિલ્લાના આ વિવિધ માર્ગોને અનુલક્ષી છેલ્લા સાત વર્ષથી કામ હાથ ધરાયુ નથી જેના લીધે ટ્રાફિકની અવરજવર પણ જોખમી અને મુશેકલ બની છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકો દ્વારા પણ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે માંગણી કરવામાં આવી હતી. જિલ્લામાં વિવિધ ૧૨ જેટલા માર્ગોને અનુલક્ષી રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે. વરસાદી દિવસો પુરા થતા હવે દશેરાથી કામ શરૂ કરી દેવાશે.



કોરોનાનો કેર ઓછો થતાં તહેવારોની ઉજવણીમાં જોમ જુસ્સો દેખાઈ રહ્યો છે. તહેવારોની ઉજવણીમાં વસાહતીઓ ઉલ્લાસભેર જોડાઈ રહ્યા છે. નવરાત્રીની ઉજવણી ઠેર ઠેર ઉત્સાહભેર થઈ રહી છે. સરગાસણ ટીપી-૯ માં સમુહઆરતીનું આયોજન કરાયુ હતુ. જેમાં વસાહતીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.



સુરત ખાતે એબીવીપી દ્વારા યોજાયેલા ગરબા મહોત્સવનો મામલો વધુને વધુ ઉગ્ર બનતો જાય છે. વિદ્યાર્થીઓ પોલીસતંત્રનો વિરોધ કરી રહ્યા છે. સાથે જ આ મામલે દરેક જિલ્લાના કલેક્ટરોને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. ગાંધીનગર કલેક્ટરને પણ આ મામલે એબીવીપીના કાર્યકરોએ આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી હતી.

### ચ-રોડ પર કારચાલક એકટીવાચાલકને ટક્કર મારી ફરાર

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર બીએસએનએલ કટ પાસે બપોરના સમયે એકટીવા ચાલકને ટક્કર મારી કાર ચાલક ફરાર થઈ ગયો હતો.જયારે અકસ્માતમાં એકટીવા ચાલકને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા સારવાર માટે લઈ જવાયા હતા. અકસ્માતને પગલે મોટીસંખ્યામાં વાહનચાલકો એકઠા થઈ ગયા હતા.

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં માનસિક સ્વાસ્થ્ય પર યોજાયો સેમિનાર

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ હ્યુમેનિટિસ અંતર્ગત કાર્યરત સમાજકાર્ય, મનોવિજ્ઞાન વિભાગ તેમજ જીવનઆસ્થા હેલ્પલાઈનના સંયુક્ત ઉપક્રમે "વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ"ની ઉજવણી અંતર્ગત ૧૧મી ઑક્ટોબરના રોજ સેમિનાર યોજવામાં આવ્યો. આ સેમિનારમાં જીવનઆસ્થા હેલ્પલાઈનના અધિકારી પ્રવીણ વલેરા અને સિનિયર કાઉન્સેલર પ્રિયંકા અડાલજાએ માનસિક સ્વાસ્થ્યની અગત્ય વિશે સમજ આપી હતી. આ સમગ્ર સેમિનારમાં સ્કૂલ ઓફ હ્યુમેનિટિસના નિયામક પ્રોફેસર બી.ડી.ઢીલા અને સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ શ્રી રીના રાઓલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેમિનારમાં સમાજકાર્ય અને મનોવિજ્ઞાન વિભાગના ૪૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# વન વિભાગના રોજમદારોની વિવિધ ૧૧ પ્રશ્નોના નિકાલ માટે વનમંત્રીને રજુઆત

## રોજમદારોની પોસ્ટ નક્કી કરવા, કાયમી કરવા પગાર પંચનો લાભ આપવા સહીત તમામને બોસન પુરુ ચુકવવા સહીતના મુદ્દાઓનો સમાવેશ

ગાંધીનગર તા ૧૨

વન વિભાગમાં ફરજ બજાવતા રોજમદારોના પ્રશ્નોનો ત્વરિત નિકાલ આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ મામલે ફોરેસ્ટ વર્કસ યુનિયન દ્વારા પણ વનમંત્રીને વિવિધ ૧૧ મુદ્દે રજુઆત કરવામાં આવી છે. જેમાં રોજમદારોને કાયમી કરવા સહીત પોસ્ટ નક્કી કરવા પગાર પંચ તેમજ ઓળખકાર્ડ અને કાયમી રોજમદારોનો પગાર તિજોરી મારફત કરવામાં આવે તેવી વિવિધ માંગણીઓ પણ રજુ કરવામાં આવી છે.

ગુજરાત ફોરેસ્ટ પ્રોડયુસ ગેધરર્સ એન્ડ ફોરેસ્ટ વર્કસ યુનિયનના પ્રમુખ પ્રવિણ વ્યાસ તેમજ શેનસિંહ ડામોરે વનમંત્રીને રોજમદારોના વિવિધ ૧૧ પ્રશ્નો અંગે રજુઆત કરી છે. જેમાં જણાંવ્યા મુજબ વન વિભાગમાં ઘણાં વર્ષોથી કામ કરતા રોજમદારોને સુપ્રિમ કોર્ટ તેમજ હાઈકોર્ટના આદેશ બાદ પણ ૧૭ ઓક્ટોબર વર્ષ ૧૯૮૮ ના ઠરાવ મુજબ લાભો આપવામાં આવતા નથી. કાયમી રોજમદારોને સમયસર પગાર મળતો નથી જેના લીધે ઘણી બધી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેના લીધે આ કાયમી રોજમદારોનો પગાર તિજોરી મારફત કરવામાં આવે તેવી પણ મુખ્ય માંગણી છે. વન વિભાગમાં ફરજ બજાવતા કાયમી રોજમદારોની પોસ્ટ નક્કી કરવા માટે પણ માંગણી કરવામાં આવી છે. જેમાં ચોકીદાર, ઓફીસ કામ કરનાર કલાર્ક, ટ્રેકર, વાયરલેસ ઓપરેટર, પટાવાળા સહીતની પોસ્ટ આપવામાં આવે ઉપરાંત વિભાગમાં ૧૦ વર્ષથી વધુ નોકરીનો સમય થયો હોય તેમજ કાયમી રોજમદાર નિવૃત થાય કે મૃત્યુ પામે તેવા કિસ્સામાં રજાનુ રોકડમાં રૂપાંતર કરી આપવા પણ માંગણી કરવામાં આવી છે. રોજમદારોને સાતમા પગારપંચનો લાભ આપવા ઉપરાંત એક દાયકાથી વધુ ફરજ બજાવતા રોજમદારોને કાયમી ગણવા તેમજ કાયમી અને લઘુત્તમ વેતનવાળા રોજમદારોને તમામને પુરેપુરુ બોનસ આપવા માટે રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત કાયમી રોજમદારોને વર્ગ-૩ કલાર્ક તરીકે પ્રમોશન આપવામાં આવે જેથી સરકારનુ ભારણ ઓછુ થાય અને રોજમદારોને બઢતી આપવા પણ રજુઆતમાં જણાંવાયુ છે. આ ઉપરાંત વયજુથ વીમા યોજના પગાર ચીઠ્ઠી અને ઓળખકાર્ડ આપવા પણ માંગણી કરવામાં આવી છે. યુનિયને વધુમાં રજુઆતમા જણાંવ્યા મુજબ રોજમદારોની માહીતીમાં પણ ઘણી ક્ષતિઓ અને ખામીઓના લીધે ચુકવાણામાં ગેરરીતી થાય છે. જેના લીધે મજુરોને કાયમી કરવા કે ફેમિલી પેન્શન આપવામાં અન્યાય થાય છે. આ મામલે પણ ન્યાય મળે તેવી માંગણી કરવામાં આવી છે.

# ગાંધીજયંતિ સપ્તાહે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરી ગાંધી વિચારનું વિસ્તરણ કાર્ય કરાયું

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ૧૫૨મી ગાંધી જયંતિ સપ્તાહની ઉજવણી દરમિયાન વિવિધ પ્રવૃતિઓ હાથ ધરી. સંકુલના વિદ્યાર્થીઓમાં સંકુલ આસપાસના ગ્રામ સમુદાયમાં ગાંધીવિચારનું વિસ્તરણ શિક્ષણકાર્ય કરાયું. સપ્તાહ દરમિયાન સંકુલમાં પ્રભાતફેરી, ગાંધીજીના પ્રિય ભજનોનું સંગીતના સ્યોર ગવાયાં, વાલીસંમેલન, સમૂહ સફાઈ, અખંડ કાંતણ, પ્રવચનમાળામાં એકાદશવ્રત, ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠનો પરિચય, વિદ્યાપીઠના ધ્યેયો, ખાદી-પ્રાર્થના-કાંતણનું મહત્વ, સમૂહજીવનનું મહત્વ, પરીક્ષા વ્યવસ્થા, બૌદ્ધિક રમતોનો સમાવેશ કરાયો હતો. મધ્યસ્થ ગ્રંથાલયમાં મહાત્મા ગાંધીના ૧૫૨ પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. ગાંધી જયંતિ સપ્તાહ નિમિત્તે ગ્રામ સમુદાયમાં જઈને પ્રભાતફેરી દ્વારા સ્વચ્છતા, સફાઈ, પાણી બચાવો, ઉર્જા બચાવો, કોરોના મહામારીની ત્રીજી લહેરથી સાવધાન રહો જેવા સૂત્રોચ્ચાર દ્વારા લોકજાગૃતિનું કાર્ય કરાયું. આ ઉપરાંત મોતીપુરા, માધવગઢ અને ઝાખોરાં ગામની આંગણવાડીમાં મહાત્મા ગાંધી એ લખેલા પુસ્તકો આરોગ્યની ચાવી, મંગળપ્રભાત આપવામાં આવ્યાં. સમગ્ર સપ્તાહ દરમિયાન સંકુલના સૌ અધ્યાપકો, સૌ સલામતી સેવકો, સૌ કાર્યલયના સેવકો, સૌ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકોનો સાથ સહકાર રહ્યો. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવું અને ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટના આયોજન થકી ૧૫૨મી ગાંધીજયંતી સપ્તાહની ઉજવણી સફળતાપૂર્વક પૂર્ણ કરી. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીજીએ ગાંધીવિચારનું સમાજ સુધી, વિસ્તરણ કાર્ય કરવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

### એમ.બી. પટેલ સ્કુલનો જિલ્લાકક્ષાની રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૨

એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલનો જિલ્લા કક્ષાની શાળાકીય રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ થયો છે. જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી અને જિલ્લા વ્યાયામ મંડળ આયોજિત શાળાકીય સાંઘિક અને એથ્લેટિકસની અંડર-૧૯ની વિવિધ સ્પર્ધાઓમાં શાળાએ પ્રથમ નંબરે આવી વિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. ગુરૂકુળ સ્કુલ સે-૨૩ ખાતે અંડર-૧૯ની કબડ્ડી અને ખોખોની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં બંનેમાં એમ.બી. ઈંગ્લીશ સ્કુલ પ્રથમ નંબરે આવી હતી અને જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ૨૦૦ મીટર દોડમાં દિવ્યરાજ જાડેજા અને ૮૦૦ મીટર દોડમાં લોકપાલ પનવરે પ્રથમ નંબર મેળવી વિજેતાનું બહુમાન મેળવ્યું હતું. શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને વિજેતા ટીમ અને ખેલાડીઓ તથા કોચ નદિમ મેમણને અભિનંદન પાઠવ્યા હતા.

# પરંપરા અને કાષ્ટકલાનો સંગમ એટલે પેથાપુરની પ્રાચીન કલાત્મક માંડવડી

ગાંધીનગર તા.૧૨

સમગ્ર રાજ્યમાં નવરાત્રી પર્વની ઉજવણી હર્ષોલ્લાસપૂર્વક થઈ રહી છે જેમાં આ વખતે ગામેગામ શેરી-ગરબાઓનું આયોજન થયું છે. વર્ષોથી ગાંધીનગરનું પેથાપુર લાકડાના બારીક નકશીકામ માટે ખુબ જાણીતું છે જેની સાબિતી સ્વરૂપે આજે પણ પેથાપુર શહેર ખાતે રાજા રજવાડાં વખતની પરંપરાગત પ્રાચીન કલાત્મક માંડવડી નાગરિકોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

પેથાપુર ખાતે પ્રાચીન પરંપરા અનુસાર નવરાત્રી મહોત્સવ નિમિત્તે માતાજીનો ઘટ સ્થાપન કરી સાગના લાકડામાંથી બનાવેલી આશરે ૨૦ ફુટ ઉંચી માંડવડીનું સ્થાપન કરવામાં આવે છે. આ માંડવડી ૧૨૫ વર્ષથી જુની છે એવું પેથાપુરના લાભશંકર મહારાજ જણાવે છે. આજે પણ પરંપરાગત પ્રાચીન માંડવડી સાથેની નવરાત્રી પેથાપુરમાં ટાવર પાસે જાણીતા માંડવી ચોક ખાતે યોજાય થાય છે. આ કલાત્મક સુંદર નકશીકામ કરેલ માંડવડી ગામના સુથાર સમાજના કારીગરોએ અંબાજી માતાજીના મંદિરને ભેટ સ્વરૂપે આપી હતી. પેથાપુરના યુવા



ઐતિહાસિક વારસા પ્રેમી વિષ્ણુસિંહ ચાવડા જણાવે છે કે આ માંડવડીની ખાસિયત એ છે કે એ ચારેબાજુથી સરખી દેખાય છે તેમજ તેની ઉપર ચારેબાજુએ બનાવેલી લાકડાની રંગબેરંગી પૂતળીઓ જોવાલાયક છે. પહેલાંના સમયમાં ગામે ગામથી લોકો આ માંડવડીના દર્શને આવતા હતા અને હાલમાં પણ આ કલાત્મક માંડવડી નવી પેઢીમાં કુતુહલ જગાવી આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

### સરકારી વાણિજય કોલેજ ખાતે પર્યાવરણ જાગૃતિ નિમિત્તે તાલીમ અને પક્ષી માળાનું વિતરણ

સરકારી વાણિજ્ય કોલેજ ખાતે પર્યાવરણ જાગૃતિ નિમિત્તે વનશ્રી એનજીઓ દ્વારા તાલીમ અને પક્ષી માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વનશ્રી ચૈતન્ય ટ્રસ્ટ એનજીઓના અંજના નિમાવત અને ગુજરાત સિવિલ ડિફેન્સના ઈન્સ્ટ્રક્ટર ઉત્કર્ષ ગુપ્તા આ પ્રસંગે હાજર રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને પ્રાકૃતિક વાતાવરણ, પક્ષી અને કુદરત તથા જીવન ચક્રમાં તમામ જૈવિક પ્રજાતિઓના મહત્વ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. લુપ્ત થતી પ્રજાતિઓને બચાવવા અને પર્યાવરણીય સમતુલા કેવી રીતે રાખી શકાય તે બાબતે ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે કોલેજના પ્રાધ્યાપક નિર્મિતભાઈ રાઠોડ અને પ્રાધ્યાપક મનસુખભાઈ રાઠોડ તથા સ્ટાફે વિદ્યાર્થીઓ સાથે રહીને પક્ષીઘર અને પક્ષી પરબનું કોલેજ પરિસરમાં જુદા જુદા સ્થળોએ મુકયા હતા. કોલેજના સી.એ. પ્રોફેસર જ્યોતિ કારિયાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. એ.એન. સુતરીયાએ વિદ્યાર્થીઓને પર્યાવરણ બચાવવા અને સિવિલ ડિફેન્સની તાલીમ મેળવવા જરૂરી અનુરોધ કર્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# સેક્ટર-૨૧ જીમખાના ખાતે ટેબલ ટેનીસ ટૂર્નામેન્ટમાં ૧૨૦ ખેલાડીઓએ ભાગ લીધો

## ગાંધીનગર ટેબલ ટેનીસ એસોસીએશન દ્વારા જિલ્લાકક્ષાની આયોજીત ફર્સ્ટ રેન્કીંગ ટેબલ ટેનીસ ટૂર્નામેન્ટ યોજાઈ









ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ટેબલ ટેનીસ એસોસીએશન અને ગાંધીનગર જીમખાનાના સહયોગથી આયોજન જિલ્લાકક્ષાની ફર્સ્ટ રેન્કીંગ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટનું તા. ૧૦-૧૦-૨૦૨૧ને રવિવારના રોજ ગાંધીનગર જીમખાના, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ગ્રુપ કેટેગરીમાં ૧૨૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં અન્ડર-૧૫, અન્ડર-૧૭, ઓપન, ૪૦ વર્ષથી વધુની વય કેટેગરી, તથા ૬૦ વર્ષથી વધુ વયની કેટેગરીમાં ગાંધીનગર જિલ્લાની શાળા-કોલેજ ઉપરાંત અન્ય ખેલાડી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

આ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વકનું આયોજન સે. ૨૧ના જીમખાનાના સહયોગથી ગાંધીનગર ટેબલ ટેનીસ એસોસીએશનના તમામ હોદ્દેદારોએ અને ખેલાડીઓએ કર્યું હતું.

વિજેતા ખેલાડીઓને સેક્ટર-૨૧, જીમખાનાના સેક્રેટરી જવલંત ત્રિવેદી દ્વારા મેડલ, પ્રમાણપત્ર તથા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગર ટેલીબલ ટેનીસ એસોસીએશનના ચેરમેન મિલિન્દ તોરવાણે તથા સેક્રેટરી દિવ્યાબેન પંડ્યાએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### જાગૃત નાગરિક પરિષદે બચત પર વ્યાજનો દર વધારવા નાણાં મંત્રીને પત્ર લખ્યો

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમનને પત્ર લખીને આગામી બજેટમાં દેશના વરિષ્ઠ નારિકો માટે વિશેષ વિચારણા કરવા અનુરોધ કર્યો છે. દેશના વરિષ્ઠ નાગરિકો દ્વારા વિકસાવેલી બચત સંસ્કૃતિને બે ટકા વધુ વ્યાજ આપીને પ્રોત્સાહન આપવા માંગણી કરી છે. તાજેતરમાં એસબીઆઈના અર્થશાસ્ત્રીઓએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે થાપણો પર બેંકના ઓછા વ્યાજ દરને કારણે બચતકારોને ખૂબ ઓછું વળતર મળે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે બચતો પરના વ્યાજ દર પર નિર્ભર એવા વરિષ્ઠ નાગરિકો માટેના થાપણના વ્યાજ દરો અંગે પુનઃ વિચારણા કરવી જોઈએ. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે પોતાની રજૂઆતના સમર્થનમાં ઉપરોકત બાબત રજુ કરી છે. કેન્દ્રીય નાણામંત્રીને પત્ર દ્વારા કરાયેલ રજૂઆતને શહેરની સાત જેટલી સહયોગી સ્વૈચ્છિક સેવા સંસ્થાઓએ પણ સમર્થન આપ્યું છે.

### નવી ગ્રાન્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આ વર્ષે ચોમાસાની સિઝનમાં ૨૮ ટકાથી વધુ વરસાદની ઘટ છે અને પાણીની સમસ્યા વધુ ઘેરી બની શકે તેવી સંભાવનાઓ છે. હવે સ્વભંડોળમાંથી વધારાની ગ્રાન્ટની ફાળવણી જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા મળે ત્યારે જ થશે અને ત્યાં સુધી કેવા પ્રશ્નો ઉભા થશે તેને લઈ તંત્રની ચિંતા વધી જવા પામી છે.

### ઠાર કર્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક્રાઉન્ટર શરૂ થયું હતું, જ્યાં ૩-૪ આતંકીઓ ફસાયા હતા. તેમજ ખેરીપોરા શોપિયાંમાં બીજું ઓપરેશન શરૂ થયું અને જ્યાં પણ ટૂંક સમયમાં સંપર્ક અપેક્ષિત છે. ડીજીપી દિલબાગ સિંહે કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં આ ત્રીજુ એક્રાઉન્ટર છે. જમ્મુ -કાશ્મીર પોલીસે આતંકવાદીઓને આત્મસમર્પણ કરવાનું પણ કહ્યું. જ્યારે તેઓ સહમત ન થાય તો બંને તરફથી એક્રાઉન્ટર શરૂ થઈ ગયું છે. એક વીડિયો પણ બહાર પાડવામાં આવ્યો છે, જેમાં પોલીસ આતંકવાદીઓને આત્મસમર્પણ માટે અપીલ કરતી જોવા મળી રહી છે.

### એસ્ટ્રોઈડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પસાર થશે. ધરતીથી તેની દૂરી લગભગ ૩૨ લાખ કિમી રહેવાની સંભાવના છે. ૨૫ ઓક્ટોબરે બીજો એક એસ્ટ્રોઈડ પસાર થશે. આ એસ્ટ્રોઈડનો આકાર ૯૦ મીટરથી ૨૦૦ મીટર વચ્ચે રહેવાની સંભાવના છે. તેનું નામ ૨૦૧૭ એસજે૨૦ છે. આ ૨૫ ઓક્ટોબરે ધરતીની નજીક ૭૧ લાખ કિમીની દૂરીથી પસાર થશે. આ સિવાય આગામી નવેમ્બરમાં ૧૩, ૨૦, ૨૧ અને ૨૯ જૂને પણ એસ્ટ્રોઈડ ધરતીની નજીકથી પસાર થશે. ૧૩ નવેમ્બરે ધરતીથી લગભગ ૪૨ લાખ કિમીની દૂરથી એક એસ્ટ્રોઈડ પસાર થશે. આ એસ્ટ્રોઈડનું નામ ૨૦૦૪ યૂઈ આપવામાં આવ્યું છે. આકારમાં આ ઘણો મોટો છે. તેનો આકાર ૧૭૦થી ૩૮૦ મીટર વચ્ચે હોવોની સંભાવના છે.